રજુ તા. ૦૭–૦૪–૨૦૨૧
દાખલ તા.૦૭–૦૪–૨૦૨૧
ફેસલ તા. ૦૯–૦૪–૨૦૨૧

**મે. સુરતના છઠ્ઠા એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,મુ.સુરત.**

**ફોજ.(પરચુ)જામીન.અ.નં.૨૦૨૭/૨૦૨૧**
**ડી.સી.બી. પો.સ્ટે.થર્ડ.ગુ.ર.નં.૫૦૪૩/૨૦૧૬**
**આંક–**

અરજદાર/આરોપી– સંદિપભાઇ ઉર્ફે જયેશભાઇ ગોવિંદભાઇ કોળી પટેલ.
ઉ.આ.વ.૩૨,ધંધો–નોકરી,
રહે–૨૧૮,વટાળ પાંચીયા,વાટાર ગામ,તા.
વાપી,જિ.વલસાડ.

વિરૂધ્ધ

સામાવાળાઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત

**અરજદાર/આરોપી તર્ફે :–વિ.વ.શ્રી સી.એમ.પટેલ.**
**સામાવાળા/સરકાર તર્ફે :–વિ.એ.પી.પી.શ્રી ડી.વી.દવે**

વિષયઃ ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૯ અન્વયેની જામીન અરજી...

**:–– ચુકાદો :––**

(૧) અરજદાર/આરોપીની ડી.સી.બી.પો.સ્ટે.થર્ડ.ગુ.ર.નં.૫૦૪૩/૧૬ થી પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી),૬૫(ઇ)(એ),૧૧૬(૧)(બી),૮૧, ૯૮,૯૯ મુજબના ગુના અન્વયે ધરપકડ કરેલ છે અને તે ગુના અન્વયે ક્રિમી. પ્રો.કો. કલમ–૪૩૯ અન્વયે જામીન ઉપર મુકત થવા અરજી કરેલ છે.

(૨) જામીન અરજી અનુસંધાને સરકારશ્રીને નોટિસ કાઢતાં વિ.એ.પી. પી.શ્રી ડી.વી.દવે હાજર થયેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, હાલની અરજીના અરજદારે કહેવાતા ગુના કરેલ નથી અને પોલીસે તેમની કામગીરી બતાવવા માટે હાલના આરોપીને શંકાના આધારે ગુનાના કામે સંડોવી દીધેલ છે અને અરજદારના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ ગુનાહિત મુદ્દામાલ મળી આવેલ નથી અને અરજદાર માલ આપનાર કે લેનાર પણ નથી અને હાલની અરજીના અરજદારે ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી કરેલી તે જામીન અરજી નામંજુર કરવામાં આવેલ અને હાલની અરજી અરજદારે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા દાખલ કરેલ છે તેથી અરજીની હકીકતો ધ્યાને લઇ અરજદારને જામીન ઉપર મુકત કરવા જોઇએ.

વધુમાં અરજદારના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, હાલના ગુનાના કામે અગાઉ પકડાયેલ આરોપીઓ નિલેશ ઉર્ફે નિલુ, વિકાસ ઉર્ફે વિકકી તથા ચંદ્રકાંત ઉર્ફે ચંદુનાઓને જામીન અરજી નં .૨૪૬૨/૧૬,૪૬૩૨/૧૬, ૩૧૮૫/૧૬ ના કામે સેશન્સ કોર્ટે રૂ.૨૦,૦૦૦/– ના જામીન ઉપર મુકત કરેલ છે તેથી હાલની અરજીના અરજદારને યોગ્ય શરતોને આધિન પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન ઉપર મુકત કરવા જોઇએ.

(૪) વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, હાલની અરજીના અરજદાર/આરોપી સંદિપ ઉર્ફે જયેશ ગોવિંદ પટેલ પોતાની માલિકીની મારૂતિ સુઝુકી સ્વીફટ ડીઝાયર કાર નં.જીજે–૧૫–સીએફ–૪૧૫૦ માં અલગ અલગ ખોખાના બોક્ષ તેમજ પ્લાસ્ટીકની થેલીઓમાં ભરી લઇ આવી વરાછા,વૈશાલી સિનેમા રોડ પાસે ગેરકાયદેસર પ્રોહી.નો જથ્થો ભરેલ સ્વીફટ ડીઝાયર કાર સાથે પકડાયેલ અને હાલની અરજીના અરજદાર તથા અન્ય ગુનાના કામે આરોપીઓ પકડાયેલ છે અને આરોપી નિલેશ ઉર્ફે નીલુ તથા કૃણાલ પાસવાલાનાઓ સહ આરોપી ૨ થી ૮ નાઓને દારૂનો જથ્થો ડીલીવરી કરવા જતાં ગેરકાયદેસર પ્રોહીબીશન જથ્થા સાથે પકડાયેલ અને રૂ.૧,૨૮,૦૦૦/– વગર પાસ પરમીટનો વિદેશી દારૂ તથા બિયર ગુનાના કામે પોલીસે કબજે કરેલ છે અને હાલના અરજદાર/આરોપી વિદેશી દારૂની હેરાફેરી કરતાં પકડાયેલ છે અને તેઓ

વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૬૫(ઇ),(એ),૮૧, ૧૧૬(૧)(બી),૯૮,૯૯ મુજબના ગુના કરેલ હોવાનો પ્રથમદર્શનીય પુરાવો પોલીસે એકત્રિત કરેલ છે તેથી હાલની અરજીના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા જોઇએ નહીં અને અરજદાર /આરોપી વિરૂધ્ધ નવસારી પો.સ્ટે.ની હદમાં ત્રણ ગુનાઓ નોંધાયેલ છે અને આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી આવા ગુના કરે તેવી શકયતા છે તેથી અરજદારને જામીન ઉપર મુકત કરવા જોઇએ નહીં.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની રજુઆત ધ્યાને લીધી. પોલીસ પેપર્સ વંચાણે લીધા. તપાસ કરનાર અધિકારીનું આંક–જથી રજુ કરેલ સોગંદનામુ ધ્યાને લીધું. અરજીની હકીકતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ વંચાણે લેતાં ફરિયાદ હકીકત મુજબ સફેદ કલરની સ્વીફટ ડીઝાયર કાર નં.જીજે–૧૫–સીએફ–૪૧૫૦ ની પોલીસે બાતમી આધારે પકડેલ અને ગાડી રોકતાં ગાડીમાં બે ઇસમો બેઠેલા હતા અને તેઓના નામ પુછતાં નિલશ ઉર્ફે નીલુ અને બીજો ઇસમ કૃણાલ રાજેન્દ્રભાઇ પાસવાલા દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતાં પકડાયેલ અને ગાડીમાં પરપ્રાંતીય ઇંગ્લીશ બનાવટની વ્હીસ્કીની બોટલો કિં.રૂ.૧,૨૮,૮૦૦ / નો કબજે કરેલ અને આરોપીને સાથે રાખી પોલીસે ગુનાની તપાસ કરેલ છે અને હાલના અરજદાર/આરોપીએ કહેવાતા ગુના કરેલ છે તેની ટ્રાયલ ચલાવવાની સત્તા નીચેની અદાલતને છે અને ટ્રાયલ કોર્ટમાં કેસોનો ભરાવો છે અને હાલ કોરોનાની મહામારી ચાલી રહેલ છે અને અરજદાર વિરૂધ્ધની ટ્રાયલ ચાલવામાં સમય જાય તેમ છે અને અરજદાર ટ્રાયલ વખતે હાજર રહેવાની ખાતરી આપે છે અને અગાઉ ગુનાના કામે મારા પુરોગામી જજશ્રીએ અન્ય આરોપીઓને જામીન ઉપર મુકત કરેલ છે તે તમામ હકીકતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીની હાલની જામીન અરજી શરતોને આધિન મંજુર કરવી ન્યાયોચિત્ત જણાય છે અને ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદાર/આરોપીની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના અરજદાર/આરોપી–સંદિપભાઇ ઉર્ફે જયેશભાઇ ગોવિંદભાઇ કોળી પટેલને,ડી.સી.બી.પો.સ્ટે.થર્ડ.ગુ.ર.નં.૫૦૪૩/૧૬ થી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી),૬૫(ઇ)(એ),૧૧૬(૧)(બી),૮૧, ૯૮, ૯૯ મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ, અરજદાર/આરોપીએ રૂ.૧૫,૦૦૦/– અંકે રૂપીયા પંદર હજાર પુરાના જામીન તથા તેટલી રકમના જાતમુચરકા નીચેની અદાલતમાં આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહી કે, સાક્ષીઓને પોતાની તરફેણમાં રજુઆત કરવા ધાક,ધમકી,લોભ–લાલચ –પ્રલોભન આપશે નહી.

(૨) અરજદાર/આરોપી તથા તેઓના જામીનદારે પોતાના ઓળખપત્રના ફોટા તથા સરનામા સહીતનો પુરાવો રજુ કરવાનો રહેશે અને તેવા રહેઠાણને નીચલી કોર્ટની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બદલવુ નહી.

(૩) અરજદાર/આરોપીએ કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૪) અરજદાર/આરોપીએ ફરી આ પ્રકારના ગુનાહીત કૃત્ય કરવા પ્રયત્નો કરવા નહી.

(૫) અરજદાર/આરોપીએ પાસપોર્ટ સંબંધિત કોર્ટમાં જમા કરાવવો તેમજ પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મુજબનું સોગંદનામુ કરવું.

આ હુકમની યાદી સંબંધિત નીચેની અદાલતમાં તથા સંબંધીત પો.સ્ટે.માં મોકલી આપવી.

અરજદાર/આરોપીએ જામીન નીચલી અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

હુકમ આજ તા.૦૯મી માહે–એપ્રિલ,સને–૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯–૦૪–૨૦૨૧. (શ્રીમતી આશા નિલેશકુમાર અંજારીયા)
સુરત છઠ્ઠા એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
સુરત.
CodeNo. GJ00348